અપીલ અરજી નં.૩૪૯ તા.૭–૨ –૧૧
ફોન નં. ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ શ્રી આનંદ મિશ્રા
સામાવાળાઃ– એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષયઃ–આરટીઆઈ એકટ હેઠળ શ્રી આનંદ મિશ્રાની તા.૩૦–૧૨–૧૦ ની અરજીથી(૧) ઉધના ત્રણ રસ્તા પર આવેલ જે.પી. બેકરીની બાજુમાં બાંધકામની પરમીશન મળેલ છે કે નથી જો આ ત્રણે બિલ્ડીંગ કાયદેસર બાંધકામ કરેલ હોય તો તેની માહિતી મુદ્દા નં.૧ થી ૮ ની માહિતી આપવા બાબત.

સંદર્ભઃ–અરજદાર મજકુરની તા.૭–૨–૧૧ ની **SMC/FAP/** નં.૩૪૯/૨૦૧૦–૧૧.

શ્રી આનંદ મિશ્રાની તા.૩૦–૧૨–૧૦ ની અરજીથી ઉધના ત્રણ રસ્તા પર જે.પી. બેકરીની બાજુમાં બાંધકામની પરમીશન મળેલ છે કે નથી (૧) જો આ ત્રણે બિલ્ડીંગ કાયદેસર બાંધકામ કરેલ હોય તો તેની માહિતી મુદ્દા નં.૧ થી ૮ ની માહિતી આપવા બાબતે એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનના પત્ર નં.સા.ઝોન/ટેક./૬૯૫ તા.૩૧–૧–૧૧ થી આપેલ માહિતી અધૂરી હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૭–૨–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ /વિસંગતતા હોય તો તે પહોંચતી કરવા સાથે અપીલના મુદ્દા અંગે તેમનો પક્ષ પણ રજુ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૩૩૫ તા. ૨૫–૨–૧૧ થી એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન) તથા અરજદારને અપીલ અરજીમાં અધૂરા જવાબના દાવા અંગે તેમની પાસે આધાર હોય તો રજૂ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી કોઈ પૂરક વિગતો અત્રેના વિભાગને મળેલ નથી તેમજ અરજદાર તરફથી પણ પત્ર સંદર્ભે કોઈ પૂરક વિગતો અત્રે મળેલ નથી.

અરજદારની તા.૩૦–૧૨–૧૦ ની અરજીથી મુદ્દા નં.૧ થી ૮ ની માહિતી માંગતી જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન ખાતે કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.ઝોન/ટેક./૬૯૫ તા. ૩૧–૧–૧૧ થી અરજદારને માહિતી આપવામાં આવેલ છે. જે બાબતે અરજદારે નિયત સમય મર્યાદામાં અધૂરો જવાબ આપવામાં આવેલ છે તેવું જણાવી તા.૭–૨–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. જે બાબતે અરજદારને અધૂરી માહિતીના દાવા અંગે આધાર રજૂ કરવા જણાવેલ પરંતુ અરજદાર તરફથી કોઈ પૂરક વિગતો મળેલ નથી. અરજીના મુદ્દા નં.(૧) ઉધના ત્રણ રસ્તા પર આવેલ જે.પી. બેકરીની બાજુમાં બાંધકામની પરમીશન મળેલ છે કે નથી , શું આ બાંધકામ અવૈધ થયેલ છે કે નહીં તેની માહિતી જો આ ત્રણે બિલ્ડીંગ કાયદેસર બાંધકામ કરેલ હોય તો તેની માહિતી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી ઉધના ત્રણ રસ્તા પર જે.પી. બેકરીની બાજુમાં થયેલ બાંધકામને ઉધનાઝોન ખાતેથી કોઈ પરવાનગી આપવામાં આવેલ નથી. તેવું જણાવેલ છે.(૨) જે.પી. બેકરીના બંગલામાં જે જમીન પર બાંધકામ થયેલ છે એ જમીન કોની છે અને તેનો માલિક કોણ છે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી જમીન માલિકની કોઈ વિગતો જણાવેલ નથી. (૩) ત્રણ બિલ્ડીંગ ગેરકાયદેસર બાંધકામ કરેલ છે જો તે સાચુ છે તો તેને કેવી રીતે બાંધકામ કર્યુ તેની માહિતી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી ઉધનાઝોન ત્રણ રસ્તા સુરત નવસારી રોડ પરના બાધંકામો ૨૦૦ ફુટ લાઈનદોરીમાં આવતી કપાત પછીના બાંધકામ છે. તેવું જણાવેલ છે. (૪) આ જમીન ઉપર બાંધકામ કરવા માટે કોને પરમીશન આપી તે અધિકારીનું નામ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી પ્રશ્નવાળી મિલ્કતના બાંધકામને ઉધનાઝોન ખાતેથી પરવાનગી આપેલ નથી તેવું જણાવેલ છે. તેથી કોને પરમીશન આપી તેવો પ્રશ્ન ઉપસ્થિત થાય નહીં. (૫) જો બાંધકામ ખોટી રીતે કરેલ હોય તો તેનો કેટલા દિવસમાં નિર્ણય લેવાય. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સદર બિન પરવાનગીનું બાંધકામ લાયસન્સ આર્કીટેકટ ધ્વારા પ્લાન રજૂ કર્યેથી બીસીઆરના નિયમ મુજબ જણાયેથી નિયમબધ્ધ થઈ શકે છે. (૬) આ બિલ્ડીંગના બાંધકામમાં સમયે કયા અધિકારીએ પ્લાન પાસ કરેલ તેનું નામ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી પ્રશ્નવાળી મિલ્કતના બાંધકામને ઉધનાઝોન ખાતેથી પરવાનગી આપેલ નથી તેવું જણાવેલ છે. તેથી કોને પરમીશન આપી તેવો પ્રશ્ન ઉપસ્થિત થાય નહીં. (૭) આ બધા સવાલોનો જલ્દી જવાબ આપશો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને સમય મર્યાદા બાદ દિન–૨ ના વિલંબથી માહિતી પૂરી પાડેલ છે. (૮) આ બિલ્ડીંગ ભુંકપગ્રસ્ત /ભુંકપપ્રુફ છે કે કેમ? તેની માહિતી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી આ બિલ્ડીંગમાં ભુંકપગ્રસ્ત /ભુંકપપ્રુફ છે કે કેમ? તે માહિતી ઝોન કચેરીના રેકર્ડ ઉપર ઉપલબ્ધ નથી. તેવું જણાવેલ છે. આમ જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને માંગેલ માહિતી પૂરી પાડેલ જણાય છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૩૦–૧૨–૧૦ ની અરજીથી માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી દફતરી ઉપલબ્ધ માહિતી પૂરી પડાયેલ હોઈ અપીલ અરજી અંગે વિશેષ કંઈ કરવાનું રહેતુ ન હોય અપીલ અરજી દફતરે કરવામાં આવે છે

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૩–૧૧

પ્રતિ,
(૧) એડી.સીટીઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધના ઝોન),.....જાણ તથા અમલ માટે .
(૨) શ્રી આનંદ મિશ્રા,